શ્રી

પ્રેમતરંગાનંદ.

ગોસ્વામિ શ્રી દેવકીનંદન મહારાજની
[illegible] રચી પ્રગટ કરનાર
[illegible] બાપુદાસ તુલસીદાસ
ઉમરેઠ.




અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની 'લીમીટેડ'

સંવત ૧૯૬૪.

કિંમત બે આના.

जय जय श्री रणछोडराय माहाराज जय श्री कृष्ण:



શ્રી દ્વારકેશો જયતી.

શ્રી વલ્લભ કુલના દરેક આસ્તીક વૈષ્ણવો માટે,

પ્રેમતરંગાનંદ.

વસંત રૂતુમાં ડાકોરમાં શ્રી કાંકરોલીસ્થ બાળકૃષ્ણલાલ મહારાજ
તથા પોતાના લાલ શ્રીમદ દ્વારકેશ તેમજ શ્રીમદ દેવકીનંદના-
ચાર્ય તથા શ્રીમદ મધુસુદનજી તથા શ્રીમદ રણછોડલાલ તથા
નડીઆદ વાળા શ્રીમદ અનીરૂધજી તથા મુંબાઇવાળા શ્રી
દ્વારકેશલાલ વિગેરે બાળકો પધાર્યા હતા, અને જે
ધામધુમ થઇ તેની ટુંક જાણીતી રસમય તાજી

ચંટણી.

દોહરો.

કરશે વૃદ્ધી ધર્મની, સંશય કરશે દુર,
આ પુસ્તક વાંચે થકી, ભક્તી વધે ભરપુર.

શ્રીમદ ગોસ્વામી દેવકીનંદન મહારાજે આ પુસ્તક ઉપર કૃપાદ્રષ્ટી દર્શાવી છે.

નોછાવર બે આનાજ, સરવે જનોને અનુકુળ પડે માટે રાખ્યા છે. માટે વાર નહી કરતાં ગ્રહણ કરી પ્રેમતરંગાનંદનું અલૌકીક પાન કરો.

સંવત ૧૯૬૪ માઘ માસ.

પ્રસ્તાવના.

સર્વે જનો પ્રત્યે નમ્ર વિનંતી કરવામાં આવે છે કે પોતાના ધર્મનો લાભ આપવા તેમજ પોતે બાલકો પધાર્યા. તે વખતની અલૌકીક લીલા દર્શાઈ. આટલા બાલકો પધાર્યાના ઘણા જનોને ખબર નહોતી. પોતાની કૃપાથી તે અરસામાં આપનો સેવક ત્યાંજ હતો. અને તે વખતમાં જે કાંઇ સુઝી આવેલું તે આ પુસ્તકમાં બતાવ્યું છે. પ્રથમ યત્ન છે માટે વાંચક વર્ગને જે જે ખામીઓ માલમ પડે તે સુધારી વાંચવા કૃપા કરશોજી. એજ વિનંતી.

લી દાસાનુદાસ.

ખેડાના પરમ વૈષ્ણવ, ચુનીલાલ વરજભાઈ ઘણીજ ઉલટથી અમારી રફ કોપી વાંચી અત્યાનંદ થઈ, પાંચ કોપીની માગણી કરી તેને માટે, તેમનો મોટો આભાર માનીએ છીએ.

દાસાનુદાસના સ્નેહપુર્વક
જેશ્રીકૃષ્ણ.

શ્રી દ્વારકેશોજયતી.

પ્રેમતરંગાનંદ.

કાંકરોલીથી ઠાકોર શ્રી બાળકૃષ્ણલાલ લાલજી સહીત પ્રથમ પધાર્યા

હે પ્યારા ભગવદીઓ જરા પાસે આવો આપણે બધા મળી ઉલટથી શ્રી દ્વારકેશલાલ પધાર્યા છે. અને મન હરણ કર્યું છે. તો તેમની સ્તુતિ ધનાશ્રી રાગમાં ગાઇએ. અને ચરણ રજ માગીએ તો સુખીઆ થઇએ.

સ્તુતિ રાગ ધનાશ્રી.

કૃપા કરો દ્વારકેશ, હમ પર કૃપા કરો દ્વારકેશ;
સહાય કરો કમ બજેશ, હમપર કૃપા કરો દ્વારકેશ.
દાસ ઉપર કૃપા કરીને, પુર્ણ કરો મમ ઉતકંઠેશ—
છે અપરાધી દુષ્ટ જીવ આ, કૃત તણો ભરેશ. હમપર.
કૃત હમારાં સામું નહીં જોશો, દયા કરો હમેશ. હમપર.
દાસનો દાસ કૃપાજ ચાહે, રાખો ચરણ વ્રજેસ. હમપર.

એક સખી બીજી સખીઓ પ્રત્યે.

હે સખીઓ, વખત આવ્યો છે કે આવશે માટે આપણા ભાગ્યોદયથી શ્રી પધાર્યા છે. તો શ્રી સુંદરશ્યામના અમુલ્ય દર્શનનો લાભ લઇ નીચેનો ગરબો વિગેરે ગાઇ અગર ગવડાવી અમૃતપાન કરી બીજાને કરાવો. અને પછી તેનુ મનન કરો. અને બીજાને કરાવો.

એમાંજ આપણું ભુષણ છે. માટે ચાલો આવો આપણે સરવે એક શાંત થઇ પ્રથમ શ્રી બાળકૃષ્ણ લાલજી પધાર્યા તે બાબતની ધામધુમ તથા સરવે જનોમાં હર્ષ તથા પોતે મોરસા ખાંડનો અનાચાર ડાકોર મંદીરમાં ચાલતો હતો, તે બંધ કરાવી જેજેકારનો ડંકો થયો વિગેરે બાબતનો એક સુંદર ગરબો જો તમોને ગમતો હોય તો ગાઇએ.

સખીઓ—અહો આપ શું બોલો છો. હમારૂં ભાગ્યોદય ખુલવા આપ અમૃતનું પાન કરાવો છો. તો એવું કોણ મુર્ખ હશે કે ઘેર બેઠાં "લક્ષ્મી ચાંદલો કરવા આવી ત્યારે મોં ધોવા જાય" માટે હવે તો આપ બોલો હમે સરવે એક શાંતથી ઝીલીશું.

ચાલો બોલો ત્યારે-પ્રથમ રાગ સાંભળો.

નંદ નંદના રસીક વર લાડીલારે—એ રાહ.

ગરબો.

સખી નીરખોને શ્રી મુખ સુંદર સ્યામનું રે,
ગુણવંતા દીસે શ્રી બાળ કૃષ્ણલાલ. સખી. ૧

સાખી.

કાંકરોલીના એ ધણી, ને શ્રી ગીરધરલાલના લાલ;
સુંદરવંતીના કંથ છે, શ્રી દ્વારકેશ એમના લાલ.
લાલજી મહારાજા સૈના શીરોમણીરે;
નીરખી સરવે થયા છે નિહાળ. સખી. ૨

સાખી.

ગુણ ગંભીર ને રસ ભર્યા, સુંદર શીલ સ્વભાવ;
દ્વારકાધીશને વશ કર્યા, સેવ્યા વિવિધ પ્રકાર.
ચાલ, લટકતી ને લોચન લાલ છે રે;
ફરી રાખું હું હૈયા કેરા હાર. સખી. ૩

સાખી.

ભાભીજી પદ્માવતી, કમળા વહુજીના તંન;
ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ છો, અતી ઉદાર છો ધન;
ધન્ય ધન્ય બીરાજો સદા સર્વદા લહેરમાંરે;
એમની શોભા જોઈ મોહ્યું મારૂં મન. સખી. ૪

સાખી.

દ્વારકેશ પ્રગટ્યે સમે આનંદ કર્યો છે અપાર;
સૌને યોગ્ય વધામણી, જેને જે અધીકાર.
કીધા મનોરથ વિવિધ ભાતનારે;
તેનો કહેતાં નહી આવે પાર. સખી. ૫

સાખી.

વૈષ્ણવ કો ઘેલા થઈ, દર્શન કરવા જાય;
વાણી પરમ રસાલથી, ગીત મધુરા ગાય.
એવા રંગીલા રસીલા શોભા શી કહું રે;
જેનો હરખ હૈયામાં નહી માય સખી. ૬

સાખી.

લાલજી સહીત પધારીઆ, ને બીરાજ્યા ડાકોર ગામ;
પતીતને પાવન કર્યા, આપ્યા અભયપદ દાન.
એવા છબીલા છોગાળા ગાઊં મુખ થકીરે;
ગાતાં શેષ નહી પામે પાર. સખી. ૭

સાખી.

ધજા તોરણ ઘર ઘરે, ને શોભા તણો નહી પાર;
શ્રી ડાકોર ઠાકોર બેસાડીઆ, વસંત પંચમી તે વાર.

ચોવા ચંદન અબીર ગુલાલ બહુ ઉડે રે;
તેથી વૈષ્ણુવોના મનમાં શાંતી થાય— સખી. ૮

સાખી.

સામગ્રી મોરસી ખાંડની, વપરાય છે તાંહ્ય;
એ વાત શ્રવણે પડી, દુઃખાયા દીલની માંહ્ય.
ઝટ વૈષ્ણુવો બોલાવ્યા તે ઘડીરે,
બંધ કરોને એ અનાચાર. સખી. ૯

સાખી.

ઘર ઘરથી જન આવીઆ, ને થઇ રહ્યો હાહાકાર;
નરનારી વાતો કરે, કે પ્રભુ ઉતારે ભવપાર.
પ્રભુ આજ્ઞા થઈ તે માથે ચઢાવીએ રે;
અમને આપોને મુદત દીન ત્રીસ. સખી. ૧૦

સાખી.

મુદત આપી લાડીલે, થઓ છે જેજેકાર;
નરનારી હવે ચાલીઆં, પોતાને ઘરબાર.
ત્યારે ડંકો વગાડયો દેશમાંરે,
એવા રસીઆ છે શ્રી બાળ કૃષ્ણુલાલ. સખી. ૧૧

અનુભવી:—કેમ પરમ વૈષ્ણવો આનંદ આવ્યો કે નહી ?

મંડળી સમાજ:—અરે, આમ કેમ બોલો છો. આનંદ શા માટે નહી આવે ? આપ પ્રેમતરંગમાં છકયા જાઓ છો. અને આનંદમય છો. પછી આનંદ નહી આવવાનું કારણ ? આનંદ પુર્ણ રીતે આવ્યો છે. આગળ કંઇ ભગવદ્ વાત ચલાવો તો ઠીક.

અનુભવી:—પરમ આનંદના માહી વૈષ્ણવો સાંભળો, તમારો ભાવકૃપા હશે તો સરવે વાતે આનંદ થશે, કહ્યું છે કે—

દોહરો

નખ રદમે દ્વાદશ તજો, બાકી લો વિચાર;
સો તુમ હમપે રાખીઓ, સાખી કૃષ્ણ મોરાર.

અનુભવી—કેમ, દોહોરામાં કંઇ જરા તરા સમજ્યા કે નજે હરી.

મંડળી સમાજ:—બાપ અનુભવી, અમે એમાંનું કંઇપણ સમજ્યા નથી. આપ કૃપા કરીને બતાવો તો સમજ પડે.

અનુભવી—બાઇઓ, બાઇઓ હવે તમારે ઘેર જાઓ. વાળુ વિગેરેનો વખત થયો હશે તેમજ બચ્ચાં વિગેરે વાટ જોઇ રહ્યાં હશે. કાલે પ્રસંગ કહાડીશું વેહેલા પધારજો.

મંડળી સમાજ—ના. ના. રસીક અનુભવી. હવે કાલ કેવી. એ તો હવે આજજ રસ પાઓ. કહ્યું છે કે, આજનો લાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે. તમે કયા અમે કયાં. આવીને ભેગા થયા છીએ, માટે એ તો એજ ચાલતું કરો તો સારૂં. જાણવાને ઘણાજ આતુર છીએ. નકામો ટાઇમ જાય છે.

અનુભવી—જુઓ બાઇઓ, તમો સર્વત્રની એવી આતુરતા છે. તો એકવાર જે બોલાવી પછી શાંતતાથી શ્રવણ કરો.

બોલો શ્રી દ્વારકેશ લાલકી જે,
બોલો શ્રી બાળકૃષ્ણલાલકી જે;
બોલો શ્રી દેવકીનંદન મહારાજકી જે,
સમસ્ત વલ્લભ કુળ પરવારકી જે,
સુંદર શ્યામ શ્રી જમને મહારાણી મૈઆકી સદા જે.

અનુભવી—પરમ પ્યારા વૈષ્ણવો ખુબ કરી શ્રમ માફ કરજો. ચાલો હવે સંભળો.

ગુઢ દોહરાનો શબ્દાર્થ.

દોહરો.

નખ નામ હે વીસકો, ને રદકો નામ હે દંત;
દંત નામ બત્તીસ કો, જો બત્તીસ વીસ ભણંત.
બત્તીસ વીસ બાવન ભયે, છાંડો દ્વાદશ માંહી;
દ્વાદશ છાંડે ચાળીસ રેહે, ચાળીશ શેરે મન તાંહી.
મન નામ હે પ્રીતી કો, ભાવ કૃપા કોઇ બોલે;
સો તુમ હમપે રાખીઓ, ખોલન વારો ખોલે.

કેમ પરમ ભગવદીઓ હવે તો સમજ્યાને, તમારો ભાવ, કૃપા મન અગર પ્રીતી શ્રી કૃષ્ણ ભગવાનને સાક્ષી રાખી રાખો એટલે બસ, હમારે બીજું શું જોઇએ. તમારો ભાવ એજ સર્વસ્ત્ર.

સરવે મંડળી સમાજ—લો એ તો હવે ઠીક, કૃપા તો આપના ઉપર સદા શ્રી મહાપ્રભુજીની છે. હવે કંઇક નવીનતા કૃપા કરી દર્શાવી અમારા કાનને પવીત્ર કરો.

અનુભવી પ્રેમી:—ભાઇઓ તમારે શું નવીનતા સાંભળવી છે? તે કૃપા કરી કહો કે આગળ ચલાવીએ.

સમાજ મંડળી પૈકી એક જણ ઉભો થઇ:—એતો એજ અમે ભુલી નથી ગયા. તમે શ્રી બાળ કૃષ્ણલાલ મહારાજનો ગરબો અમોને પ્રથમ ગવડાવ્યો. જેથી આનંદ ફેલાઇ ગયો હતો. તેવુંજ કંઇ બીજુ ઠાકોરની ધામધુમને અનુસરતુ પદ અથવા ધોળ હોય તે કહો. અમે આપના મોટા આભારી થઇશું.

અનુભવી:—ભાઇઓ શ્રવણ કરો માહા સુદ ૬ શુક્રવારનો મોટા વરઘોડો નીકળ્યો તેમાં શ્રી બાળ કૃષ્ણલાલ મહારાજ હાથીપર શ્રી ઠાકોરજીને ગોદમાં લઇ બીરાજ્યા હતા અને ઘણાજ ઠાઠ માઠથી વરઘોડો નીકળ્યો તે વખતે જે દર્શણાતુરજનો હતા. તે કહેતાં હતાં કે ચાલો ઉઠો જોવાને નરનાર વરઘોડો નીકળ્યો. તે સબંધે એક ધોળ જે તમો સરવે ને ગમતુ હોય તો કહીએ.

મંડળી સમાજ—ભાઇ અનુભવી, આપનો પ્રેમતરંગાનંદ દર્શાવો. એ ધોળ અમો સરવેને પુર્ણતા રીતે ગમે છે આપ ચાલતુ કરો. સરવે ઝીલીશું.

રસીક અનુભવી—લો વેશ્રવો ત્યારે બોલો.

રાગ વરઘોડાનો.

ચાલો ઉઠો જોવાને નરનાર, વરઘોડો નીકળ્યો,
શ્રી બાળકૃષ્ણલાલ બીરાજે હાથીએ, હાથીના ભાગ્ય તણો
નહી પાર. વરઘોડો.
જીરે નવીન વાજીંત્ર વાગીઆં, તેનો કહેતાં નહી આવે પાર. વરઘોડો.
શ્રીનો હાથી કેવો ચાલતો, શણગાર્યો ઘરેણે અપાર. વરઘોડો.

ઠમક ઠમક એ કેવો ડોલતો, ધીરે ધીરે પાડે ઠમકાર. વરઘોડો.
બડે જાઓ નેકીદાર બોલતા, ખમા ખમા કરે નરનાર. વરઘોડો.
કીરતનીઆ વસંત ગાય પ્રેમ શું, પ્રેમ ભકતોને સુખ શાંતી થાય.વરઘોડો.
અબીલ ગુલાલ કેશર ઉડે ઘણા, જેજે કાર શ્રીના થાય. વરઘોડો.
છડીદાર વારંવાર ટૌકા કરે, જાણે મધુરા મોરના બોલ. વરઘોડો.
એ પરીઓ આગળ ચાલતી, તેની શોભા તણો નહી પાર. વરઘોડો.
કરજોડી દાસ વિનંતી કરે, પ્રભુ રાખો તમારી પાસ. વરઘોડો.

પ્યારા વૈશ્નવ જનો આ તમને નાહક ગભરાવ્યું અને શ્રમ કરાવ્યો તે માફ કરશો.

મહળી સમાજ—વાહ વાહ એ શું બોલ્યા માફ કરશો અમે કાંઇ અપરાધ કર્યો હશે. માટે આપ આવું બોલો છો માફ શું. તમે તો ઉલટુ હમો અપરાધીઓનું હીત ચાહી પ્રેમથી ભજન કરાવી, લૌકીક બંધનથી મુકત કરો છો. એ હમારૂ મોટુ અહો ભાગ્ય માનીએ છીએ. શ્રમતો આપને થાય છે તેની ક્ષમા કરશો એટલે બસ. વળી સ્વધર્મે રાખી રૂડી રીતે ચાલવા શીખામણ આપો છો.

રસીક અનુભવીઃ—અહો તમારી આટલી બધી દીનતાને ધન્ય છે. તેમજ પ્રભુ ભજનમાં આરતાને પણ ધન્ય છે. સમાજ મળે તો આવોજ મળજો કે પ્રભુ નામમાં સ્ફુરતી કરાવી વૃદ્ધી કરે. લો ભાઇ, શ્રી દ્વારકેશની કૃપાથી તેમજ તમો વૈશ્નવોની કૃપાથી કંઇક સુઝી આવ્યું છે. માટે શ્રવણ કરો.

ગીતી.

હે શ્રી બાળ કૃષ્ણાત્મજ, સ્તુતિ કરે દાસ આંહી;
દયા આણીને પ્રકાસો, ગુણ ધ્યાન મમ દીલમાંહી. ૧

શ્રી બાળ કૃષ્ણલાલ પ્યારા, કહેવાય છે કાંકરોલીના વાસી;
જો સેવા કરીએ પ્રેમથી, તો દુઃખ દારીદ્ર સર્વ જાય નાસી. ૨

દોહરો.

સ્વધર્મ રાખી કરી, માલે રૂડી રીત;
તે હરીજનના ઉપરે, અદકી મારી પ્રીત. ૧
શ્રી વલ્લભ કુલ પ્રતાપથી, સદા કરો સેવાય;
આ માં રાખો શ્રી પ્રભુ, રસનાથી નામ લેવાય. ૨
અહર નીસ સ્મરણ કરો, ધ્યાન ધરો શ્રી માંહે;
તો તે તમને લઈ જસે, દ્વારકાધીસને ત્યાંહે. ૩

વૈષ્નવ સમાજ પૈકી એક જણ:—(દીનતાથી ધામે રહીને) બાઇ સાહેબ રસીક અનુભવી મને વસંતરાગ બહુ પ્યારો લાગે છે. અને આજ કાલ વસંત બહાર ઝુકી રહ્યો છે. માટે જીવના ઉપર દયા આણી વસંત રાગનું પાન કરાવો. ત્યારે આનંદમાં વૃદ્ધી થાય.

રસીક અનુભવી:—બાઇ તારી એવીજ ઇચ્છા છે તો ચાલો સર્વજનો એકવાર શ્રી દ્વારકેસ લાલકી જે બોલાવો. એમાંજ તમોને વસંત રાગ દર્શાવી આપીએ. બોલો શ્રી દ્વારકેશલાલકી જેએ!

રાગ વસંત.

શ્રી દ્વારકેશકે મુખારવીંદપર, આજ મારૂ મન મોહ્યુંરે,
દ્વારે આવું ને ભીતર જાઉ, કહા નોછાવર લાવુંરે. ૧
રમણ રમતા આવ્યા ભુતળપર, શું સ્વરૂપને જાણુંરે,
કેમે સત સંગ નથી લાગતો, એ દાસની ચુકરે. ૨
સરસ અબીર ગુલાલ લેકર, પરસ્પર છીરકાવેરે;
લાલ લલીત મન મોહ્યું મારૂ, શ્રી દ્વારકેશ લાલરે. ૩

લલીતાદીક સબ હેત અસીસ, ચીરન જીવો કોટી વરીસરે;
કીજે કૃપા નીજ દાસ જાનકે. સેવું ચરણુ નીત નીતરે. ૪
જે નહી સેવે તે અપરાધી, દુષ્ટ જીવ કહા જાને રે;
એટલું માગે દાસ દાસીજન, બ્રીજલાસ નીત સેવુંરે. ૫

સમાજ મંડળ—અહો આ કેવું ચમત્કારી કીર્તન! ધન્ય છે. પ્રથમના અક્ષરોથી શ્રી દ્વારકેશલાલકી જે બોલાય છે. રસીક પ્યારા ક્યા પુસ્તકમાંથી લાવ્યા તે તો જરા કહો. ?

રસીક અનુભવી— અરે ભાઇઓ એ કીર્તન કોઇ પુસ્તક માંનુ નથી. એતો હમારા પ્રેમ તરંગે દોરી ખેચી તેથી બન્યું છે. તેમાં વળી તમો વૈશ્નવોની કૃપા એટલે સઘળાત્ર આવી ગયું.

રસીક અનુભવી:—હવે સાંભળો ડાકોરમાં કયા મહારાજ ક્યી જગ્યામાં બીરાજતા હતા તે.

દોહરો.

દેશ દેશથી વૈશ્નવો આવીઆ, દર્સને ડાકોર ગામ;
શ્રી દ્વારકેશ બીરાજે છે. પરમ મનોહર ધામ ૧
ઘર ઘરથી નર નારીઓ, આવે છે હુલાસ;
શ્રી બાળ કૃશ્ન બીરાજે છે, જહા વલભ વિલાસ. ૨
શ્રી મધુસુદનાત્મ પધારીઆ, રવીવારને દીન;
દામોદર વીલાસ મધે બીરાજીઆ, બોલે છે વૈશ્નવ ધન ધન. ૩
બીજા બાળ મુંબાઇથી પધારીઆ, થઇ રહ્યો જે જે કાર;
વૈશ્નવો જાઓ ઝટ દર્શણુ કરો, લીલા કેહેતા નહી આવે પાર. ૪

ડાકોરમાં શ્રી બાળ કૃશ્નલાલ પધાર્યા, તેમજ બીજા બાળકો પણુ પધાર્યા તે બાબત ગામે ગામ જાણવાથી ઘણા ખરા પ્રેમી ભક્તો આવ્યા હતા. તેમાના કેટલાક બીચારા મારા જેવા અજાણ્યા.

હોય તેને પુછવુંજ પડે કે બાઇ કેટલાં સ્વરૂપ બીરાજે છે. તથા તે ક્યાં બીરાજે છે. તથા બીજી શી હકીકત છે.

ગીતી.

નર નારીઓ પુછે છે, ક્યાં બીરાજે શ્રી બાળકૃષ્ણલાલે;
ત્યારે એમ કહેવું પડે, નિવાસ શ્રી વલ્લભ ધર્મશાળે. ૧
શ્રી મધુસુદનાત્મ કહેવાય છે, રાજનગરના વાસી;
તન મન ધન અર્પી સેવા કરો, તો સંતાપ તાપ જાય નાસી. ૨
શ્રી દ્વારકેશ મુંબાઇ તણા બીરાજે છે સંગે;
દેખી મન મોહી રહ્યું, સ્યામ વરણ્ં છે અંગે. ૩
વળી પુછ્યું કોઇ વૈશ્નવે, બીરાજે ક્યાંથી શ્રી અનીરૂધજી મહારાજ;
ગોમતી તટે તંબુ નાખ્યો છે, જાઓ નિરખો સરસે તમ કાજ. ૪
નર નારી દર્શણે ચાલીઆ, મુકી પોતાતણું કામ કાજ;
શુક્રવારે સાંજ આઠમાં પધારીઆ શ્રી અનીરૂધ મહારાજ. ૫
નર નારી દર્શણે ચાલીઆ, જ્યાં છે મકાન બેઠકની પાસે;
કોઇ તેને ભુત બંગલો કહે કોઇ કહે, ધર્મશાળા વલ્લભજીદાસે. ૬
મોહનજી તથા દુલભજી શાસ્ત્રી સંગે લાયકને ધૈર્યવાન;
જો વિઠલદાસ મેહેતાઇ કરો, તો રાખો ચીત સાવધાન. ૭

માહા શુકલપક્ષ બુધ રાતના ૧૦ કલાકે કોઇએ કહ્યું કે શ્રી દેવકીનંદન બાવા કાલે ડાકોર પધારશે લઘુ દીપચંદપર તારે છે. એ સાંભળી આનંદમાં વધારો.—

ગીતી.

જે જે બાવા દેવકીનંદન પધારસે, કાલે ડાકોર,
આનંદમાં વૃદ્ધી થશે, કૃપા કરશે એહી ઠાકોર. ૧
ડાકોરની ચઢતી દશા, પધાર્યા બાલક પાંચ સાત,
અત્યાનંદ ફેલાઇ જશે, સઘળત્ર છે વિખ્યાત. ૨

ભાઈ શ્રી દેવકીનંદન આવા બીરાજે છે ત્યાં શું ઠાઠ ચાલે છે તે તો જરા કૃપા કરીને કહો?

ગીતી.

જ્યાં શ્રી દેવકીનંદન બીરાજે છે, ત્યાં દર્શને લોક જાય છે દોડી,
જે જે પોકાર થઈ રહે છે, ક્યાં સુધી મોડી. ૧
સૌના ઉપર કૃપા દ્રષ્ટી દર્શાવે છે, એવો સ્વભાવ છે પોતાનો;
વૈશ્નવો આવે પ્રાત: ચાર કલાકમાં જેને નીયમ ચર્ણ પર્સ કીધાનો ૨.
નિજ ઇત્યાદીક વૈશ્નવો, ખબર સાભળે પધાર્યાની;
ઝટ આવી સીસનમાવે છે શુભ આસીસ આપે છે બહેની ૩

પ્રેમ તરંગ લખતા લખતા મંદ પડી ગયો. અને વીચારમાં પડી ગયો, અને છેક ઘણીવાર થઇ, મનમાં વિચાર ઉત્પન્ન થયો કે હવે શું કરવું. વીચાર કરતાં કરતાં સુઝી આવ્યું કે શ્રી દ્વારકેશનું ગાન કરો કે પોતાની કૃપાથી આગળ થવાય.

રાગ માઢ.

મારા નેન રંગીલા છેલ છબીલા કામણગારારે,
શ્રી બાળ કૃશ્નલાલજીના લાલજી કહીએ, શ્રી દ્વારકેશ એમનું નામ;
કોમળતા શ્રી અંગની નીરખો રાખીને હામ રે. મારા નેન૦ ૧
વિનંતી હમારી ઉર ધરો પ્યારા, વાર ઘણેરી થાય,
આગ્ના આપો કીંકરી મારી, તો ઝટ આગળ ચલાયરે મારાને નેન૦૨

રાગ દયાળુ દેવ.

શ્રી દ્વારકેશ, વસો દીલમાંય,
વારંવાર નમુ છું તમારે પાય;
તમો છો માત, વળી છો તાત,
દીસો છો જગતમાં સાક્ષાત.

દયા આપ કરો, આ સેવકપર;
સદા આપો અખંડીત ઘર;
જાણો છો, અંતર જામી.
નથી કાંઇ અજાણી;
કૃપા કરી રાખો તમ વાહાલ;
એટલુ માગે છે બીજલાલ.

રાગ. નમુ નમુ શ્રી વલભરે.

રટો દ્વારકેશભાઇ, હરે છે જગમાં તે અધીકાઇ રટો દ્વારકેશ,
રે હારે હારે હારે હાં, રટો દ્વારકેશ
હારે તુમ દેખો અમરીશ, જેણે સેવ્યા દ્વારકાધીશ.
સમર્પ્યા સીસ, થયો સુખ દાઇ. રટો દ્વારકેશ ભાઇ;

વાહ વાહ પ્રેમ તરંગ તમારા પ્રેમની પણ ખુબ ખુબી છે આગળ સપાટામાં ચાલાવ્યું અને રંગ રાખ્યો.

અનુભવી રસીકઃ—ભાઇઓ તમે ખુબ કરી કહો છો તો ચાલો, તમે સધળાને જે શ્રી કૃષ્ન કહી વિનંતી કરૂં છું કે પદના પ્રથમ અક્ષર વાંચતા જે શ્રી કૃષ્ન નીકળે એવું પદ બોલીએ છીએ, ચાલો સર્વે ઝીલો

રાગ. જનરેટો.

જે બોલો (૨) સદા મોરારી, તરવાની બારી સારી,
શ્રી ધરો (૨) ચીત્તે દીલધારી તરવાની બારી સારી
કૃ પણતા મુકો (૨) સેવા કરી, સારી તરવાની બારી સારી.
ષ્ન સેવા બરપુર, જેણે રાખ્યા શ્રીજી ઉર, તે થયા ચક્રમાચુર,

જપીને જાપ, રીઝાવ્યા આપ, ટાળવા તાપ,
સેવા વપુ ધારી તરવાની બારી સારી.

મંડળ સમાજ:—ભાઇ રસીક અનુભવી તમોએ પ્રથમ શ્રી બાળકૃષ્ણલાલ મહારાજ હાથીપર બીરાજ્યા હતા. તે ધામ ધુમ બાબત એક વરઘોડા ગાઇ અમને રસ બસ કર્યા હતા. તો બારશને શુક્રવારે કયા મહારાજ હાથીએ બીરાજ્યા હતા. અને તે વખતની હકીકત બાબત તમોને શું ચમત્કાર થયો તે કૃપા કરીને પાન કરાવો. આ બધા વૈશ્નવો માંહે માંહે વાતો કરે છે કે બારશને દીવસે પણ અછો ઠાઠ હતો તે શું?

રસીક:—ભાઇઓ સાંભળો અગીઆરશનો વરઘોડો નીકલ્યો. તેમાં કોઇ મહારાજ પધારેલ નહી. બારશને દીવસે શ્રી રાજનગરવાળા શ્રી મધુસુદનલાલ મહારાજના લાલ શ્રી રણછોડલાલ વરઘોડામાં પધાર્યા. અને હાથીપર બીરાજ્યા અને વરઘોડો અનેક વાજીંત્રથી સોભતો, ગાન તાન થઇ રહ્યા છે,કીર્તનીઆ વસંત ગાઇ રહ્યા છે. સેવકો હાથીપર ગુલાલની ઝોલીઓ ભરેલી છે તેમાંથી સેવકો તથા પોતે મુઠી મુઠી ભરી ભરી ઉડાવે છે. ડંકા નીસાન અનેક મંડળી વિગેરેનુ શું પુછવું! શ્રી રણછોડજીમાં હમેશ કીર્તન કરે છે તેઓ અતી ઉત્સાહ ભર્યા. એક જણ વસંત ગાઇ બીજાને ઝીલાવે છે એવી રીતની સોભા સહીત વરઘોડો શ્રી લક્ષ્મીજી સુધી જઇ આવ્યો એટલામાં સાથેના સમાજ મંડલમાંથી કોઇ તાદ્રસીજન લીલામાં પોચેલો હતો તે,ને પોતે રણછોડલાલ એક બીજાની સંગે રમી રહ્યા છે તેવાં કાંઇ અલૌકીક દર્શન થયા. તે જોઇ તે બોલ્યા કે— શ્રી રણછોડલાલ હાથીપર બીરાજ્યા એની અંતર લાપીકા નીચેના વસંતમાં દર્શાવી છે.

રાગ. વસંત.

શ્રી રણુછોડલાલકી બાનીક સોભીત, જેસે તારે મે ચંદ.
રમ રહે નંદકીસોર હમારે, શ્રી રણુછોડજી કે સંગ. શ્રી રણુછોડ.

આવું ગાન સાંભળી પાસેના વૈશ્નવજને કહ્યું.

નથી દેખતા છેએ અપરાધી, દેખતા કરો દયાળ,
છો વીવેકી અધીક સ્નેહી, કરો હમપર મયાળ. શ્રી રણુછોડલાલકી.

તાદ્રસીજનઃ—

ફરો નહી મયાળ કરીશું, વખત આવશે પાસે,
લાલ બતાવશું રમતા ત્યારે, એક બીજાની સાથે. શ્રી રણુછોડલાલકી.
લટકતો ગજવર ગમી રહ્યા છે, જે જે બોલે નર નારી,
હાથન મુઠી ગુલાલ ભરી ભરી, ઝંટ દેત હે ડારી. શ્રી રણુછોડલાલકી.
થીર રહીને ન્યાળો મુખડું, શોભા છે ઘણી સારી,
પર સોતમ પ્રભુ પ્રીતે પધાર્યો, કાળથી સોભા ભારી. શ્રી રણુછોડલાલકી.
બીરા આરોગી ઉઠયા લક્ષ્મીવર, ફેર વરઘોડો ચાલે,
જ્યાં ત્યાંથી નરનારી ધાઇ, શોભા જોવા આવે. શ્રી. રણુછોડલાલકી

સમાજ મંડળ—ભાઇ રસીક તાદ્રસી હવે તો ચાલો મુકામપર બીજા સઘળાત્ર વાટ જોતા હશે, અને ભગવદ વાર્તાનો પણ વખત થઇ ગયો છે.

રસીક અનુભવી:—ભાઇ ચાલો ત્યારે સરવેની જેવી ઇચ્છા. બધા ભેગા થઇ મુકામપર આવ્યાં, તે જોઇ પ્રથમ મુકામપર આવેલા એક જણે કહ્યું કેમ? બાપજી રસીકજનો આજ કંઇ આટલુ બધુ મોડું! એટલામાં રસીક બોલ્યાં આ સાથેના સમાજ મંડળને પુછો એ સરવે હકીકત જાણે છે.

કેમ સમાજ મંડળ શું હકીકત છે. જરા કહો તો ખરા. આપની કૃપાથી અમે પણ પાવન થઇએ.

બાઇઓ તે આનંદનો વખત તો વહી ગયો. કેવું સરસ શ્રી રણછોડલાલ બાવા હાથીપર બીરાજ્યા અને વસંત ખેલ થતો વરઘોડો ચાલ્યો જાય છે તેમાં બંને રણછોડલાલ એક બીજાની સંગે રમી રહ્યા છે. તે બાબત એક વસંત રાગમાં શુદ્ધ ભાવથી ભરેલું આપણા રસીક અંનુભવીએ એક પદ ગાયું હતું અને તેમાં અમે પણ લાભ લીધો હતો.

સમાજ મંડળમાંથી એક જણ:—ચાલો એતો હવે ઠીક અમારૂ અભાગ્ય આપે વાત કરી તેથી કર્ણ પવીત્ર થયા. આપ સરવે બીરાજો તો આપણા રસીક શ્રી દેવકીનંદન બાવા મુંબાઇથી ડાકોર પધાર્યા તે ટાણે એક પદ ગાયુ છે તે ફરી એમની પાસે ગવડાવીએ અને આપણે બધા અતી ઉત્સાહથી ઝીલીએ તો સુખીઆ થઇએ.

સમાજ:—ચાલોની બાઇ! એ કોને ના છે. હરી નામ કોને કડવું લાગે. પોતે શ્રી દેવકીનંદન બાવા તો સરવેના દુઃખના હરતા છે માટે કંઇ ભજન કરીએ તો ચંચળ મન આમ તેમ ભટકે છે તે શાંત થાય તો કંઇક કૃપા પાત્ર થઇએ.

રસીક:—બાઇઓ તમે સધળાત્રના મનના ક્લિષ્ટ હોય તો હમારે ક્યાં ના છે.

બોલો ત્યારે એતો એજ—રાગ. ઝીંઝોટી.

બતાદે સખી કોન ગલી ગયો સ્યામ—એ રાગ.

પધાર્યા પ્રભુ શ્રી દેવકીનંદ ? ટેક.
ભેટ ઝટ પટ લઇને ચાલો,
પ્રીતેથી કરીએ વંદન. પધાર્યા પ્રભુ. ૧

અનેક દેશને પાવન કરીઆ,
છોડાવ્યા ભવ બંધન. પધાર્યા પ્રભુ. ૨
અબાર ગુલાલ બહુ વિધી લાવો,
ખેલાવો ચોવા ચંદન. પધાર્યા પ્રભુ. ૩

અહો પ્રેમી રસીક ખુબ કરી તમને પણ ધન્ય છે.

ભાઇ શું ધન્ય છે અમે પેટ ભરકે ખાતે હે ઓર નીંદ ભરકે સોવેહે યામે ધન્ય હે ચલો એ બાતભી ઠીક કહે.

ના ના રસીક જન તમને એમ કેમ કહેવાય? એતો તમે ઉલટું સમજો છો. તમે તો રસીકજન છો. અહોરાત્ર પ્રેમ તરંગ રૂપી ઘોડે સ્વાર થઇ નવીન વીવીધ બાબતનું સોધન કરી અમો પેટ ભરા તથા નીંદ ભરાને ભજન રૂપ વૈમાનમાં બેસાડી અમારી દેહ દસાનું ભાન ભુલાવો છો અને આનંદ કરાવો છો. એનો બદલો અમારેથી શું વળવાનો છે.

અનુભવી રસીકઃ—ભાઇઓ રસીક રસીક કહો છો. તે રસીક કોને કહેવું. મારામાં શું છે. હું તો સર્વ વાતે અપરાધી છું.

દોહરો.

રસીક રસીક કહા કહતહો, રસમે બુડે નાહી;
જો રસમે બુડે હોત તો, આ દશા હત નાહી. ૧
કો મરે જુર જુર રોગ સો, કોઇ મરે અવસ્થાપાય;
પ્રીત પીંડમેં જો મરે, સો જન રસીક કહેવાય. ૨

ભાઇ સાંભલ્યું? આમાનું મારી પાસે એક તલભાર પણ નથી તેમજ નથી સેવા, નથી સ્મરણ. પણ ઠીક છે શ્રી વલભકુળ પ્રતાપથી તેમજ તમો ભાવીક વૈશ્નવોની કૃપાથી વેહેલ ચાલ્યા કરે છે. ચાલો એતો હવે ઠીક છે, પણ આહા પોતે શ્રી દેવકીનંદન

આવા માહા માસની પુર્ણીમાએ બપોરના ૫ વાગ્યાની ગાડીમાં મુકામ કુચ કરી રાજનગર પધાર્યા તે વખતનો પોતાનો અત્યંત વિવેક તેમજ પોતે જરા પણ મોટાઇ નહી બતાવતા એ બાળકોના આજ્ઞા લઇ પધાર્યા. લખતાં કયાં પાર આવે અનુભવીનેજ ખબર પડે. તે બાબત કંઇ ચમત્કાર જણાયો તે વીષે.

હાહરો.

શ્રી અનીરૂધજીને મળવા ગયા, જરા મોટાઇ નહી દીલમાંહી;
મળી તરત વહેલમાં બીરાજીઆ, ગાડી હંકારી તાંહી. ૧
શ્રી બાળકઆદી સમસ્ત બીરાજે, તાંહાં ગાડી ઉભી રાખી;
પોતે શ્રમ ગણી કહી, જવા આજ્ઞા માગી. ૨
આસીસ થઇ ગમન તણી, પધાર્યા ઝટ નીચે;
વૈશ્નવો જે જે બોલીઆ માહા માંહે લે હીચે. ૩
અશ્વ વહેલમાં બીરાજીઆ, છત્ર ધરી નિજ દાસે;
વળતી અગ્ન ગાડીમાં બીરાજીઆ, અગ્ન ગાડી જાય નાસે. ૪
કેટલુ દોડીએ દોડાય નહી, કયાં સુધી જઇએ વાંસે;
દાસ ઓરપાડકર એમ કહે છે. રહુ છુ ડાકોરની પાસે. ૫

રાગ કલ્યાણ.

પ્રણામ પ્રણામ પ્રણામ, સૌ બાળકને પ્રણામ,
છે અગણીત પ્રણામ, મમ પ્રેમથી પ્રણામ. ટેક.

છો કરૂણાળુ દીન દયાળુ, પ્યારા છો મમનાથ;
સહાય થઇને બુડતા બુડતા ઝાલો, સેવક જનના હાથ. પ્રણામ. ૧

ખરા ભાવથી ભકતી કરજો, મુકી બીજી આસ;
તો ભવ બેડી નાખો તોડી, રાખો પોતે પાસ. પ્રણામ. ૨

અલ્પ બુદ્ધિથી કામ કર્યું છે, ભુલ ઘણી અપાર;
વાંચક વર્ગ ભુલ તજીને, ગ્રહણ કરો સૌ સાર. પ્રણામ. ૩

માહા વદ ૨ ના રોજ નડીઆદવાળા મહારાજ શ્રી અનીરૂધજી સવારના ગાડીમાં નડીઆદ પધાર્યા. તથા શ્રી બાજી ક્રશ્નલાલ મહારાજ ઉમરેઠ પગ રસ્તે સાંજના ૬ વાગતાના સુમારે પધાર્યા.

રાજનગરવાળા મહારાજ વડોદરાની ઘણી નમ્ર વિનંતી જાણી છોટે બાવા શ્રી રણછોડલાલ સહીત વડોદરે પધાર્યા. અને મુંબાઇવાળા દ્વારકેશલાલ મુંબાઈ પધાર્યા. તથા વૈશ્નવો પણ અતુલ્ય આનંદનો લાભ લઈ સૌ સૌને સ્થળે ગયાં.

કાંકરોળીના છોટેલાલ બાવા પોતે શ્રી રણછોડજીના પ્રથમ દર્શણે પધાર્યા તેથી ખર્ચ ઘણું સારૂં ઉડયું હતું. અબીર-ગુલાલ-વાગા વસ્ત્ર. ભોગ વિગેરેથી ખુબ આનંદ થયા કરતો હતો. એક દિવસ સઘળાત્ર સેવક મંડળને ભોજન પણ હતું. પોતાનું શું કહેવું ચાહે તે કરે એજ તથાસ્તુ. × × + +

વાંચક વર્ગમાં અલ્પ જીવના
જે શ્રી ક્રશ્ન.

ગીતી.

ભાઇ, લાલ છો રહસ્યના જ્ઞાતા, સમજી શકો બધી હકીકતને,
કહો હવે શું કરવું, દયા કરી આપો નિજ મતને. ૧

મત આપો અખંડીત, સદા સુખકર રહીએ;
રહીએ એકલા સદા આપદા, જહાં તહાં ફર ફર કરીએ. ૨

ફરીએ તહાં તહાં મળે કાંઇ નહી, નિરાસ થઈ ગમને;
નિરાશ થઇ કોને કહેવું, કહો ભાઇ લાલ અમને, ૩

ભાઇલાલની પ્રીતી નથી, તોપણ વળગી રહીએ;
થશે ત્યારે સદા સમીપ છે, નહી દુર ગણીએ. ૪

દુર ગણીએ તો અંત નહી આવે, પાસે રહી સુખ લેવું;
સુખ મળે ખુશ નહી થાવું, નામ ગોવીંદનું લેવું. ૫

લી. વિયોગી.

વૈષ્ણવોની ગાયત્રી—યાને સર્વોત્તમ ધોળ.

દરેક સ્ત્રી અને પુરૂષે પ્રાતઃકાળમાં સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પેહેરી ઘીનો દીવો કરી, આ સહેલો પાઠ કરવો—અમુક મુદતેથી માહા પ્રભુજીની કૃપાથી સ્થીતીમાં શું તફાવત થયો છે તે તુરત જણાશે.

પાઠ.

ભલે પ્રગટયા શ્રી વલ્લભદેવ, પુરૂષોતમ ભુતળ ફરીજી.
નહી પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજ વપુ ધરીજી.
કરે નિગમ નીરૂપણ એમ, તે સાકારની સ્તુતી કરેજી;
મહા કળી કાળાદીક દોષ, પંડીતની દ્રષ્ટ તિમર ભરીજી.
મહીમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુર અરીજી;
વાહાલે દયા કરી સુખ રૂપ, નિજ લીલા પ્રાગટ કરીજી.
જેહની વાણી અતી દુર બોધ, થાએ સુબોધ જેણે કરીજી;
જેહના અષ્ટોતેર સતનામ, તે કહીએ મહા અઘહર્યાજી.
જેહના રૂસીવર અગ્નીકુમાર, જકતી છંદ નામે ધર્યાજી;
શ્રી કૃષ્ણ કમળ મુખ દેવ, બીજી દ્રષ્ટ કરૂણા ભરીજી.
કરે ભક્તીમાં અંતરાય, તેહના સનપીએ જાણે સરીજી;
આપે અક્ષરામૃતની સીધ્ય, તે મધ્યે નિશ્ચય કરીજી.

—ચાલ ફરી છે.—

વાહાલો આનંદ પરમાનંદ કહેવાય,
શ્રી કૃષ્ણ કમળ મુખ કૃપા નીધી થાય;
વાહાલો દૈવી ઓધારવાને પ્રયત્નના ઉપાય,
જેહના સ્મરણ માત્રથી આર્ત જાય. ૧
શ્રી ભાગવત ગુઢાર્થ પ્રકટાય,
તે સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય;
વેદ માર્ગ ચૌદ ભોવન કેહેવાય,
માયાવાદ નિરાકાર સહુકો ગાય. ૨
સર્વે વાદ નિરાસ કરે તે લખાય,
ભક્તિ મારગ સરસ કમળ વીકસાય;
શ્રી સુદ્રાદિકના ઓધારવા સમર્થ,
જેહના સાધન બળથી ન થાય અર્થ. ૩
અંગીકાર કરે મર્યાદાનુસાર,
માહા કરૂણાવંત સમર્થ અપાર;
વાહાલો અદેય દાન દેવાને બહુ ચતુર,
માહા ઉદાર ચરીત્ર કરે બહુ પુર. ૪
લીલા દેખાડી પ્રાકૃતની જેહ.
તેહને મીસે મોહા છે સુર રીપુ તેહ;
વિશ્વાનર શ્રી વલભ છે નામ,
વાહાલો સુંદર રૂપ સ્વજન હીત કામ;

વાહાલો ભક્તી કરે જન શીક્ષાને કાજ,
આપે અખીલ ઇષ્ટ શ્રી વલભજી માહારાજ. ૫
સર્વ લક્ષણથી સંપન વિવેક,
શ્રી કૃષ્ણ જ્ઞાન દાતા ગુરૂ એક;
પોતાના આનંદ થકી બહુ પુષ્ટ,
છે કમળ પત્ર શા નેત્ર સંતુષ્ટ. ૬
કૃપા દ્રષ્ટીની વૃષ્ટીથી હરખ્યાં મન,
જીરે દાસ દાસી જન પ્રીય છે અનન્ય;
રોસ દ્રષ્ટી કરે ભક્તી શત્રુ પ્રજાળ,
ભક્તી સેવીત સુખ સેવા રે રસાલ. ૭
જીરે ભક્તી વીના નહી સેવા સાધ્ય,
તે કારણથી કહીએ દુરારાધ્ય;
જેહનાં ચર્ણ શર્ણ દુર્લભ દર્શાય,
તેહના ઉગ્ર પ્રતાપ ત્રીલોકમાં કેહેવાય. ૮
વચનામૃત કરી પુર્યા સેવકના અર્થ,
શ્રી ભાગવત અમૃત મથન જે સમર્થ;
એનું સાર કહીએ વ્રજ સુંદરીનો ભાવ,
તેનું પરીપૂર્ણ છે દેહ ભરાવ. ૯
સાનીધાનથી દાન કરે કૃષ્ણ પ્રેમ,
ભક્તી મુક્તી દેવાને જેહને નેમ;
એક રાસલીલામાં તેહનું તાન;
પ્રભુ કૃપા કરી કરે કથાનું દાન ૧૦

વાહાલો વિરહના અનુભવને હિતકાજ,
સર્વ ત્યાગ જણાવ્યો શ્રી વલભરાજ;
ઉપદેશ કર્યો ભક્તીનો આચાર,
લોક માંહે જણાવ્યો કર્મ માર્ગ પ્રચાર. ૧૧
વેદ શાસ્ત્ર કરે જગનાદીક દાન,
તેહનું ફળ મર્યાદા ભક્તીનું દાન;
પ્રભુ પુર્ણાનંદ છો પુર્ણ કામ,
સરસ્વતીના પતી દેવ ઈશ અભીરામ. ૧૨
વાહાલે સહસ્ર કર્યા પુરૂષોતમ નામ,
નિજ જનના આશરાનું એ ધામ;
ભક્તી માર્ગની રીતનો કરવા ઉપદેશ,
બહુ ગ્રંથે કરી ટાળ્યો સંશયનો લેશ. ૧૩
જેહને પામવાને છાંડયા પ્રાણથી પ્રીય,
એવા ભક્તી સમાજ બીરાજે હંમે;
આપ સાધન કરે નીજ દાસને કાજ,
એવા સામર્થ શ્રી વલભ માહારાજ. ૧૪
કરવા ભક્તી પ્રચાળ તે ભુતલ માંહે,
વશ કીધા પીતા થઇને ગૃહી બાંહે;
સર્વ સામર્થ ધર્યું પોતાને વંશ,
સર્વ દુર કરી ટાળ્યો વિશ્વનો અંશ. ૧૫
પ્રભુ પતીવૃતાના પતી સાક્ષાત,
કરે આ લોક પરલોક દાન વીક્ષાત;

જેહના અંતઃકરણનું શુદ્ધ અપાર,
અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર. ૧૬
ઉપાસનાદીક માર્ગ જે અન્ય,
તેહનો મોહ ટાળી કીધો સેવક અનય;
કર્યો નિશ્ચય જે ભક્તી સર્વથી વીસેશ,
કીધો શર્ણ માર્ગનો જુદો ઉપદેશ. ૧૭
શ્રી કૃષ્ણ નામની જણાવી વાત,
લીલા કુંજબિહારી પરી પુર્ણ ગાત;
કથા રસ મગ્ન સદા છે ચીત,
વિસર્યું છે તેથી સર્વ બીજી વાત. ૧૮
પ્રીય છે ઘણું વ્રજને વ્રજનો વાસ,
કરે પુષ્ટી લીલા એકાંત વીલાસ;
કરે ભક્ત ઇચ્છા પરીપુર્ણ દાન,
નહી નીજ લીલાનું કોઇને જ્ઞાન. ૧૯
અતી મોહક જેહનું શીળ ઘણું,
નહી લોક વીશે આસક્તી છે અણુ;
નહી ભક્તી વીશે આસકતી છે એક,
પ્રભુ પાવન કીધા પતીત અનેક. ૨૦
જે કરે પોતાના ગુણનું ગાન,
તેહના હ્રદય કમળ રેહેવાનું ઠામ;
પ્રભુ નીજ સ્વરૂપ અમૃત લેહેરી,
તેણે રસ વાંછના બીજી સર્વ હરી. ૨૧

પ્રભુ પોતે સર્વ થકી છો પર,
નવ કરે તુલ્યતા કોઈ અપર;
લીલા રસ અમૃતના રંગ બહુ, ૨૨

ભીંજવ્યાં છે ભક્ત શરીર સહુ.
રૂચી આવે ગોવરધન ગીરીવાસ,
તે લીલા માંહે અતીશે હુલાસ;
કરે યજ્ઞ ભોગ યજ્ઞના કર્મ,
આપે અર્થ કામ ને મોક્ષ ધર્મ. ૨૩

પ્રભુ સત્ય વચન છો ત્રીગુણાતીત,
નીત્ય ચતુરાઇ છે અતી અગણીત;
જે કરે પોતાની કીર્તી પ્રકાશ,
કર્યું વ્યાસ સુત્રનું નૌતમ ભાસ. ૨૪

અતી તુચ્છ તુલ્ય જે માયાવાદ,
કરી ભસ્મને સ્થાપો બ્રહ્મવાદ;
આભ્રણ અલોકીક અતી કાંત,
હસ્તુ મુખ શોભે છે બહુ ભ્રાંત. ૨૫

પ્રભુ ત્રીલોકનું તમે ભુષણ સાર,
વહાલો પ્રગટ ભાગ્ય ધરણીનું અપાર;
પ્રભુ સુંદીરતા છો અતી અનુપ,
કેમ વર્ણન કરી શકું આપનું રૂપ. ૨૬

માગે છે સૌ પોતાના જન,
ચર્ણારવીંદકી રજ જે ધન;
એ કહ્યાં એકસો ને આઠે નામ,
શ્રી વલભ આનંદનું જે ધામ. ૨૭

ચલ ફરી છે.

એ શ્રદ્ધા કરી નીત્ય ગાવેરે, તેહનું મન પહેલું સ્થીર થાવેરે;
અધરામૃતની સીધ પામેરે, એમાં સંશય નહી તે નામેરે.
એ પામ્યા વીના મોક્ષ હીનરે, એ કૃતમાં મુક્તી છે લીનરે;
તેથી સર્વોતમ જપ કરવોરે. શ્રીકૃષ્ણ રસે મન ભરવોરે,
શ્રી વીઠલ રૂચીત એમનું નામરે, જે ગાયે તેનું થાય કામરે;
તેનો જન્મ સફળ છે લેખેરે, શ્રી વૃજભુષણનાં સુખ દેખેરે.

પદ

તમે બધા હરીજન આવો, તમે સાચા સંગમાં જાવો;
જુઓ પ્રલાદ પુર્વે ભાઇ, તેને પ્રભુ સાથે સગાઈ.
કરતો ઉચાર, રામ રામ સાર, પ્રભુને ગાવો. તમે૦ ૧
જુઓ પાંડવ પુર્વે ભાઇ, જેને પ્રભુ સાથે સગાઇ;
વેઠયું બહુ દુઃખ તરસને ભુખ, વેરી છે ભુપ, અંતે થયું સુખ,
કૃષ્ણને ગાવો, તમે સાચા સંગમાં જાવો ૨
જુઓ ધ્રુવજી પુર્વે કેવા, ગયા સ્વર્ગ સદેહ એવા;
ગયા તે વન, ધ્યાનમાં લીન, કષ્ટ બહુ તન, કૃષ્ણને ગાવો,
તમે સાચા સંગમાં જાવો. ૩

કહે દાસ આજ કરજોડી, નાંખો લોકીક બંધન તોડી;
કરીને મેહેર લીલા ને લેહેર, જાય સો વેર, કૃષ્ણને ગાવો,
તમે સાચા સંગમાં જાવે. ૪

એજ તથાસ્તુ.


વિનંતી—

બીજાં કેટલાંક કીરતનો લખવા વિચાર હતો. પરંતુ કાળ સંજોગે વ્યતિત થાય. તેમજ મોટું પુસ્તક થાય તો કેટલાંક જણને જોતે વાચતાં અરૂચી ઉત્પન્ન થઇ વાંચે નહી માટે બંધ રાખ્યું છે જો સુગ્ન ગ્રાહકોની ભલામણ હશે તો કંઇ નવીન કવીતો જણાવીશું. એજ આનંદમાં રહી આનંદનોજ લાભ લેવો.

લી. સર્વ હિતેચ્છુ.
દાસ.



શ્રીરામચંદ્રજીના ધ્યાનની સ્તુતી.



શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભયદારૂણં;
નવકંજ લોચન કંજમુખકર કંજ પદકંજારૂણં;
કંદર્પ અગણિત અમિત છબિ નવ નિલ નિરજ સુંદરં;
પટપિતમાંનહુ[1] તડિત[2] રૂચિ સુચી નોમી[3] જનકસુતાવરં;
શિર-કિરિટ કુંડલ તિલક ચારૂઉદાર અંગવિભુષણં;
આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામજીત ખર દુષણં;
ભજ દિનબંધુ દીનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં;
રઘુનંદ આનંદ કંદ કૌશલ્યચંદ દશરથ નંદનં;
મુનિ વદિત તુલસિદાસ શંકર શેષ મુનિ મનરંજનં;
મમહૃદય કંજ નિવાસ કરૂ[4] કામાદિ ખળદળ[5] ગંજનં.

---

૧ જાણે. ૨ વીજળી. ૩ નમુંછું. ૪ કરો. ૫ મહાદુષ્ટોઓનું ળ